# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
## સુરત–૭

**ખાનગી** | **સિન્ડિકેટની સામાન્ય સભા**
ફકત સભ્યોની જાણ માટે | તા: ૧૧–૩–૨૦૦૩

**–: કાર્યવાહી :–**

સિન્ડિકેટની **સામાન્ય સભા** મંગળવાર, તા: ૧૧–૩–૨૦૦૩ ના રોજ બપોરે ૧–૦૦ કલાકે યુનિવર્સિટી ના કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડો. જયેન્દ્રકુમાર જગન્નાથ ભટ્ટ (ઉપ કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર |
| ૬. | આચાર્યશ્રી રસેશ ચંદ્રસુખરામ શુકલ | હાજર |
| ૭. | આચાર્યશ્રી ડો. બોમી બરજોરજી કાવીના | ગેરહાજર |
| ૮. | ડો. કિશોર રતીલાલ દેસાઈ | હાજર |
| ૯. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૦. | પ્રા.ડો. ભાસ્કર મહેન્દ્રપ્રસાદ રાવલ | હાજર |
| ૧૧. | પ્રા. ગિરીશભાઈ નવનીતલાલ રાણા | હાજર |
| ૧૨. | શ્રી. કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા | હાજર |
| ૧૩. | પ્રા. અનિલભાઈ જગદીશચંદ્ર ગોયલ | હાજર |
| ૧૪. | પ્રા. ભગવાનદાસ ગાંડાલાલ પંચાસરા | હાજર |

(૧) તબીબી વિદ્યાશાખા હેઠળના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં આપવામાં આવતી ડિગ્રી/ડિપ્લોમા માં એમ.સી.આઈ.ના તા: ૧૩–૧–૨૦૦૩ના પત્રાંક: MCI / 24 (1) /2002-Med./૩૨૨૨૪ મુજબ આ સાથે સામેલ બિડાણ મુજબ ડિગ્રી/ડિપ્લોમાના નામાભિધાન બદલી તેનો અમલ કરવા વિચારણા કરવા તથા સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ (MOVE) કરાવવા તે અંગે વિચારણા કરવા બાબત.

વધુમાં, કોલમ–૩માં જણાવેલ એમ.સી.આઈ. ના તા: ૧૩–૧–૨૦૦૩ના પત્રથી સૂચવેલ ડિગ્રી/ડિપ્લોમા આ યુનિવર્સિટીમાં હાલમાં અભ્યાસક્રમમાં ન હોવાથી આપવામાં આવતી નથી તો ભવિષ્યમાં દાખલ થનાર નવા અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી તે પણ સ્ટેટયુટ–૨૨૯ માં સમાવેશ કરવો કે કેમ તે અંગે પણ વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં આપવામાં આવતી ડિગ્રી/ડિપ્લોમાં એમ.સી.આઈ. ના સૂચન મુજબ બદલી, સુધારો કરવો અને આગામી સેનેટની સભામાં પ્રા. ડૉ પી.કે.પટેલ પાસે રજુ (MOVE) કરાવવો.

(૨) જે તે વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા હોય, તે વિદ્યાશાખા હેઠળ નીચે જણાવ્યાનુસાર પદવી સ્ટેટયુટ–૨૨૯ તથા ૨૨૯(એ) માં આમેજ કરવા અને સુધારેલ સ્ટેટયુટ–૨૨૯ તથા સ્ટેટયુટ–૨૨૯(એ) બિડાણમાં વંચાય તે રીતે સુધારવા/મંજૂર કરવા વિચારણા કરવા તથા પ્રસ્તુત સ્ટેટયુટ–૨૨૯ અને ૨૨૯(એ) આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ (MOVE) કરાવવું તે અંગે વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

**<u>UNDER STATUTE – 229</u>**

**(1) <u>Faculty of Arts</u> :**

| | | | |
|---|---|---|---|
| 4. | Bachelor of Arts ( Shastri ) | - | [ B.A. ( Shastri ) ] |
| 10. | Master of Arts ( Acharya ) | - | [ M.A. ( Acharya ) ] |
| 19. | Diploma in Mass Communication | - | [ D.M.C. ] |

**STATUTE – 229 7 (7) and 7 (8) , 7(4)** be deleted FROM Faculty of Commerce and should be added under (9) Faculty of Management Studies as below **:**

**(9) <u>Faculty of Management Studies</u> :**

| | | |
|---|---|---|
| 1. | Master of Business Administration - | ( M.B.A. ) |
| 2. | Master of Philosophy in Management- | ( M.Phil in Management ) |
| 3. | Doctor of Philosophy in Management- | ( Ph.D. in Management ) |
| 4. | Diploma in Business and Industrial Management- | ( D.B.I.M. ) |
| 5. | P.G.Diploma in Entrepreneurship and Small Business- | ( P.G.Diploma in S.B. ) |
| 6. | P.G.Diploma in Tourism & Hotel Management- | ( P.G.Diploma in T.M. ) |
| 7. | P.G.Diploma in Hospital Management- | ( P.G.Diploma in H.M. ) |
| 8. | Bachelor of buisness Administration - | ( B.B.A.) |

**<u>UNDER STATUTE – 229 (A)</u>**

**(1) <u>FACULTY OF ARTS :</u>**

1. <u>Bachelor of Arts ( External )</u> - <u>B.A. ( External )</u>

**(7) FACULTY OF COMMERCE :**

1. <u>Bachelor of Commerce ( External )</u> - <u>B.Com. ( External )</u>

**(2) હાલનો સ્ટેટયુટ ૨૨૯ – (એ) નીચે મુજબ છે.**

**<u>Statute 229 – A</u> :**

The University shall award the Degree of (1) Master of Arts ( External ) and (2) Master of Commerce ( External ) (3) Bachelor of Arts ( External ) and (4) Bachelor of Commerce ( External ) to such students who have been exampted from attendance at course of studies at affiliated Colleges, recognised Institutions or University Departments and who have passed the qualifying examinations for the respective degree.

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા છે તેની પદવી સ્ટેટયૂટ–૨૨૯ તથા ૨૨૯(એ) માં સુધારો વધારો કરવો અને આગામી સેનેટની સભામાં પ્રો. ડૉ સત્યેન્દ્ર કુમાર પાસે રજુ (MOVE) કરાવવો.

(૩) શ્રી મણીલાલ હરીલાલ કડકિયા ચેરીટેબલ ટ્રસ્ટ, અંકલેશ્વર ધ્વારા અંકલેશ્વર મુકામે નવી સ્વનિર્ભર વિજ્ઞાન કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી નવું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ના સંદર્ભમાં નિયુકિત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલે તેની તા: ૨૨–૭–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૮ અન્વયે કરેલી ભલામણ પર સિન્ડિકેટે તેની તા: ૨૨–૭–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક: ૩૬ અન્વયે એકેડમિક કાઉન્સિલને પુન: વિચારણા કરવા માટે મોકલવાનું નક્કી થયેલ હોય, તે અંગે એકેડમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ઠરાવ ક્રમાંક: ૨૩ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

**<u>એકેડમિક કાઉન્સિલની તા: ૨૨–૭–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૧૮</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મણિલાલ હરિલાલ કડકિયા ચેરીટેબલ ટ્રસ્ટ અંકલેશ્વર ધ્વારા અંકલેશ્વર મુકામે નવી સ્વનિર્ભર વિજ્ઞાન કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી નવું જોડાણ મેળવવા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ના સંદર્ભમાં નિયુકિત સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે પ્રસ્તુત કોલેજે સરકારશ્રી ની પરવાનગી તેમના ધાર ધોરણ મુજબ પરવાનગી પ્રથમ મેળવવા જણાવવું. જો પરવાનગી આવે તો નીચેની શરતોને આધિન એક વર્ષ એટલે કે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે જોડાણ આપવા તેમજ શરતોનું યથાર્થ પરિપાલન થયુ છે કે કેમ તે તપાસવા ચકાસણી સમિતિની નિમણૂંક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૧) નવી કોલેજ શરૂ કરવા માટે આચાર્યશ્રીની નિમણૂંક યુનિવર્સિટીના નિયમાનુસાર કરવામાં આવે.

(૨) યુનિવર્સિટી ધારા ધોરણ મુજબ જે તે વિષયના પ્રાધ્યાપકો તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવે.

(૩) વિજ્ઞાન વિદ્યાશાખા માટે પ્રાયોગિક લેબની જરૂરિયાતને ધ્યાનમાં રાખી જરૂરી સાધનો તેમજ કેમિકલ્સની ખરીદી કરવામાં આવે.

(૪) ગ્રંથાલયમાં રૂપિયા ૨૫,૦૦૦ ના પુસ્તકો રૂા. ૧૦,૦૦૦ ના જર્નલોની ખરીદી કરવામાં આવે.

(૫) એફીલીએશન ફી જમા કરાવવી તથા યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવાની બાંહેધરી સંસ્થા આપે.

(૬) કોલેજના સંચાલનમાં કોઈપણ પ્રકારની ખોટ આવે તો તે ભરપાઇ કરવાની બાંહેધરી સંચાલક મંડળ આપે.

(૭) યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ તથા ૬૯–બી નો ચુસ્તપણે અમલ કરવા માટે બાંહેધરી આપવામાં આવે.

**<u>સિન્ડિકેટની તા: ૨૨–૭–૨૦૦૨ ની સભાની ભલામણ ક્રમાંક : ૩૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત એકેડમિક કાઉન્સિલને પુન: વિચારણા માટે મોકલવી.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૨૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં એકેડમિક કાઉન્સિલની તા: ૨૨–૭–૨૦૦૨ ની સભાની ઉપરોકત ભલામણ ક્રમાંક: ૧૮ યથાવત સ્વીકારવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત ટ્રસ્ટ કયા વિષયો સાથે અને કયા શૈક્ષણિક વર્ષથી સૂચિત સ્વનિર્ભર કોલેજ શરૂ કરવા માંગે છે તેની માહિતી મંગાવવી. માહિતી મળે ફરીથી સિન્ડિકેટની વિચારણા માટે બાબત રજૂ કરવાનું સિન્ડિકેટે, તેની તા: ૨૮–૧–૨૦૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક : (૨૯) થી ઠરાવ્યું છે. પ્રસ્તુત ઠરાવના સંદર્ભમાં પ્રસ્તુત કોલેજના ડાયરેકટરશ્રીએ સ્વનિર્ભર સાયન્સ કોલેજ જૂન–જુલાઈ–૨૦૦૩ થી શરૂ કરવા ઇચ્છે છે તથા કોમ્પ્યુટર સાયન્સ, બાયોલોજી, રસાયણશાસ્ત્ર અને માઇક્રોબાયોલોજી, એમ ચાર મુખ્ય વિષયો શીખવવા માટે તેમના તા: ૨૭–૨–૨૦૦૩ના પત્રાંક: ૩૧૯/૨૦૦૩ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. કે.આર.દેસાઇ અને પ્રા. અનિલભાઈ ગોયલની કમિટિ મેનેજમેન્ટ ( વ્યવસ્થાપન ) સાથે ચર્ચા કરી વિગતવાર અહેવાલ રજુ કરશે.

(૪) આગામી એપ્રિલ/મે પરીક્ષાઓમાં એફ.વાય. તથા એસ.વાય. ની પરીક્ષાઓની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી માટે યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવે જેથી કોલેજોમાં થતા વિભિન્ન આક્ષેપો ટાળી શકાય તેમજ અધ્યાપકો વચ્ચે ઉત્તરવહી તપાસવાની કામગીરી ન્યાયપૂર્વક રીતે વહેંચી શકાય તે બાબતમાં સાઉથ ગુજરાત કોલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસીયેશનના પ્રમુખશ્રીના તા: ૩–૨–૦૩ ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: ઉપરોકત બાબત મુલતવી રાખી છે.

(૫) પરીક્ષા વિભાગમાં કોમ્પ્યુટરાઈઝેશન માટે તાત્કાલિક ધોરણે એડહોક ધોરણે કોમ્પ્યુટર પ્રોગ્રામરો ની નિમણુંક બાબતે વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા વિભાગમાં કોમ્પ્યુટરાઈઝેશન માટે તાત્કાલિક એડહોક ધોરણે છ માસની સમય મર્યાદા માટે કોમ્પ્યુટર પ્રોગ્રામરો નીમવા માટે કુલપતિને સત્તા આપવી અને ત્યારબાદ આ જગાઓ છ માસમાં જાહેરાત કરીને ભરવી.

(૬) યુનિવર્સિટી તરફથી પ્રશ્નબેંક છાપવા અંગે વિવાદ થતાં શ્રી મહાવીર પ્રિન્ટર્સ તરફથી સ્પે.દિ.મુ.નં. ૧૭૯/૮૬ દાખલ કરેલ છે. આ બાબતમાં યુનિ.ના એડ્વોકેટ શ્રી જયવદન જરીવાળાની સલાહ લેતાં તેમના તરફથી આવેલ પત્ર પર વિચારણા બાબત. **(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મહાવીર પ્રિન્ટર્સ સાથે સમાધાન થતા પાર્ટી વ્યાજની રકમ રૂા. ૧,૩૫,૯૦૯/– પર જતા કરવા તૈયાર છે તે મુજબ પાર્ટીને ચૂકવવાપાત્ર રૂા. ૧,૬૪,૦૯૦–૪૮ ચૂકવવા અને કોર્ટમાં ચાલતા કેસ ના નિકાલ માટે યુનિવર્સિટીના વકીલને જણાવવું.

(૭) યુનિવર્સિટી માટે અનામત રાખેલ ૧૫૦ એકર જમીન અંગેના કેસ અંગે યુનિવર્સિટીના એડ્વોકેટ શ્રી ભાસ્કરભાઇ તન્ના સાથે ઉપકુલપતિશ્રી તથા સિન્ડિકેટ સભ્યશ્રી ગિરિશભાઇ રાણા તથા શ્રી અનિલભાઇ ગોયેલ રૂબરૂમાં ચર્ચા વિચારણ કરી હતી તેની નોંધ પર વિચારણા કરવા બાબત. **(બાંધકામ)**

:: ઉપરોક્ત બાબત મુલતવી રાખી છે.

(૮) આર.કે.દેસાઇ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ જોડાણ મેળવવા આર.કે.દેસાઇ મેમોરિયલ ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા: ૨૮–૧–૨૦૦૩ના પત્રાંક: આરકેડીસીસીએએસ/૭૬૫/ ૨૦૦૨ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, આર.કે.દેસાઇ અચ્છારીવાલા કોલેજ ઓફ કોમ્પ્યુટર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર અભ્યાસ બી.સી.એ.નું ચાલુ જોડાણ મેળવવાની આર.કે.દેસાઇ મેમોરીયલ ટ્રસ્ટના ચેરમેનશ્રી ના તા: ૨૮–૧–૨૦૦૩ ના પત્રના સંદર્ભમાં સ્થળ પર રૂબરૂ તપાસ કરી યુનિવર્સિટીને અહેવાલ આપવા માટેની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી.

(૧) પ્રા. કે.આર.દેસાઇ (૨) આ.ડો. ભાસ્કરભાઇ રાવલ

(૩) ડૉ. અપૂર્વ દેસાઇ (૪) શ્રી કિશોરભાઇ વાઘેલા

(૯) શ્રી એસ.એસ.આર.આર. શર્માજી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, વાપી દ્વારા વાપી મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સૂચિત સ્વનિર્ભર હોમિયોપેથીક કોલેજ શરૂ કરવા પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા: ૨૨–૨–૦૩ના પત્રાંક: એસએસઆરઆરએસઇસીટી/૧૦/૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) આ.ડૉ. ભાસ્કરભાઇ રાવલ (૨) શ્રી કિશોરભાઇ વાઘેલા

(૩) ડૉ. હિરાધર (૪) શ્રી માર્કન્ડ ભટ્ટ

(૫) શ્રી ગોરધનભાઇ પોસીયા

(૧૦) સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ રામપુરા, સુરત સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેરા મેડિકલ કોર્ષિસ (ડી.એમ.એલ.ટી) ની કાયમી માન્યતા મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટ તરફથી યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા: ૪–૯–૨૦૦૧ની સભાના ઠરાવ ક્રમાંક: (૬) અન્વયે, કરેલ ભલામણ પર સિન્ડિકેટે તેની તા: ૨/૯–૫–૨૦૦૨ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨૮) અન્વયે, વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલમાં શરતો નક્કી ન થઈ હોય, પુન: વિચારણા કરવા માટે મોકલવાનું ઠરાવ્યું હોય તે અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાના ઠરાવ ક્રમાંક: ૨૨ અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

**<u>એકેડેમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક : ૨૨</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ, રામપુરા, સુરત સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેરા મેડિકલ કોર્ષિસ (ડી.એમ.એલ.ટી) ની કાયમી માન્યતા મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટ તરફથી યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન જૂન–૨૦૦૧ થી એક વર્ષ માટે જોડાણ આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

**<u>શરતો</u> :**

૧. જરૂરી શિક્ષકોમાં પૂર્ણ સમયના એક શિક્ષક શ્રીમતી એચ.આર.માસ્તરની પૂરા સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂંક કરેલ છે.

૨. પાર્ટ ટાઈમ અને મુલાકાતી શિક્ષકોની પણ યુનિવર્સિટીના નિયમોનુસાર થીયરી તેમજ પ્રેકટીકલ માટે ગોઠવણ કરવામાં આવેલી છે.

૩. પ્રવેશ આપતા પહેલા તે અંગેની જરૂરી કાર્યવાહી નિયત થયેલા સભ્યોની હાજરીમાં કરી હતી. પ્રવેશ દરમ્યાન નિયમાનુસાર અનામત ધોરણો જાળવ્યા હતા અને તે પ્રમાણેની ભવિષ્યમાં કાળજી રાખશે એવી ખાતરી આપવામાં આવેલ છે.

૪. ગ્રંથાલયના તમામ પુસ્તકો પર સંસ્થાના નામના રબર સ્ટેમ્પ મારવામાં આવે છે અને પુસ્તકોની અંદર યોગ્ય નંબરીંગ કરવામાં આવેલ છે. ગ્રંથાલય વ્યવસ્થિત કરવા માટે લાયબ્રેરી સર્ટિફિકેટ કોર્ષ કરેલ શ્રી એમ.એમ.માલમની ઓગષ્ટ–૨૦૦૦થી નિમણૂંક કરવામાં આવેલ છે.

૫. બાયોકેમેસ્ટ્રી માટે મુલાકાતી વ્યાખ્યાતાની નિમણૂંક કરેલ છે.

૬. ગ્રંથાલયમાં રૂા. ૧૦,૦૦૦/–ના પુસ્તકો તથા સંબંધિત વિષયના સામાયિક ખરીદવામાં આવેલ છે.

૭. કુલ મળેલી ફી ના ૧૦ % યુનિવર્સિટી ડેવલપમેન્ટ ચાર્જીસ પેટે રૂા.૧૦,૦૦૦/– નો ચેક પત્ર ક્રમાંક: એસએમટી/૨૦૦૦–૨૦૦૧/૧૬૫, તા: ૫–૧૦–૨૦૦૦થી મોકલવામાં આવ્યો હતો. પરંતુ યુનિવર્સિટી કાર્યાલયે તે સ્વીકાર્યો ન હતો.

૮. યુનિવર્સિટીના વખતોવખત અમલમાં આવતા ધારાધોરણોનું ચુસ્તપણે પાલન કરવાની સંચાલક મંડળે લેખિત બાંહેધરી આપેલ છે.

૯. કોલેજના સંચાલનમાં તથા સંચાલન માટે જો કોઈ ખોટ આવે તો ભરપાઈ કરવાની સંચાલક મંડળે લેખિત બાંહેધરી આપેલ છે.

૧૦. યુનિવર્સિટી નિયમોનુસાર શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવામાં આવે તેમજ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૯(એ) અને ૬૯(બી) નો ચુસ્તપણે અમલ કરવામાં આવશે એમ જણાવેલ છે.

એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ ઉપર સિન્ડિકેટે, તેની તા: ૨૮–૧–૨૦૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨૮) અન્વયે, વિચારણા કરી એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણો સ્થાનિક તપાસસમિતિના પ્રથમ સભ્ય ડૉ. કે.આર.દેસાઈ શરતો સુધારશે અને સુધારેલી શરતો સહિત આગામી સિન્ડિકેટમાં વિચારણા માટે બાબત રજૂ કરવાનું ઠરાવ્યું છે. ઉપરોકત ઠરાવના સંદર્ભમાં ડૉ. કે.આર.દેસાઈએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ નીચેની સુધારેલ શરતો ઉપર વિચારણા કરવા બાબત.

**<u>શરતો</u> :**

૧. પ્રવેશ દરમ્યાન અનામત ધોરણોની નિતિ યુનિવર્સિટીના નિયમોનુસાર જાળવવાની રહેશે.

૨. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂંક કરવામાં આવે.

૩. યુનિવર્સિટી ડેવલપમેન્ટની ફી નિયત સમયમાં યુનિવર્સિટીમાં મોકલવામાં આવે.

૪. કોલેજના સંચાલનમાં જો કોઈ ખોટ આવે તો ભરપાઈ કરવાની સંચાલક મંડળે લેખિત બાંહેધરી આપવી.

૫. યુનિવર્સિટીના વખતો વખત અમલમાં આવતાં ધારા ધોરણોનું ચુસ્તપણે પાલન કરવાની સંચાલક મંડળે લેખિત બાંહેધરી આપવી.

૬. ગ્રંથાલયમાં દર વર્ષે આશરે રૂ. ૧૦,૦૦૦/–ના પુસ્તકો તથા સંબંધિત વિષયના સામાયિકો ખરીદવાના રહેશે.

ઉપરોકત મુદ્દાને ધ્યાનમાં લઈ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ, રામપુરા, સુરત સંચાલિત ઈન્સ્ટિટયૂટ ઓફ પેરા મેડિકલ કોર્ષિસને જૂન, ૨૦૦૧ થી એક વર્ષ માટે માન્યતા આપવા ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં એકેડમિક કાઉન્સિલની તા: ૨૬–૧૨–૨૦૦૨ની સભાની ભલામણ ક્રમાંક–૨૨ સ્વીકારવી એ તેમાં જણાવેલ શરતોને આધિન જૂન–૨૦૦૧ થી એક વર્ષ માટે માન્યતા આપવી.

(૧૧) ભરૂચ જિલ્લા આદર્શ સમાજ સેવા મંડળ, માંગરોલ ધ્વારા આગામી શૈક્ષણિક વર્ષથી સ્વનિર્ભર બી.એડ. કોલેજ શરૂ કરવા મોકલેલ જોડાણઅરજી અંગે પ્રથમ રાજય સરકારમાંથી તથા ' એન.સી.ટી.ઈ. ' માનસ ભવન , શ્યામલા હિલ્સ, ભોપાલનું " એન.ઓ.સી " મેળવી યુનિવર્સિટી

કાર્યાલયમાં રજૂ કર્યેથી, જોડાણ અંગેની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય તે અંગેની જાણ યુનિવર્સિટી કાર્યાલયે પ્રસ્તુત મંડળને કરતાં, પ્રસ્તુત મંડળના મંત્રીશ્રીએ શિક્ષણ વિભાગ, ગાંધીનગરનું ' એન.ઓ.સી. ' (N.O.C.) તથા એન.સી.ટી.ઈ. (N.C.T.E.) ભોપાલને પ્રસ્તુત કોલેજની અરજી મળી છે. તેની પહોંચ N.C.T.E. ના તા: ૩૧–૧૨–૨૦૦૨ના પત્રાંક: એપીડબલ્યુ ૦૦૬૪/૩૨૩૦૬૬/૦૯૫૩૪ ની નકલ તેમના તા: ૧૮–૨–૨૦૦૩ ના પત્રાંક: ૫૫ સાથે યુનિવર્સિટીને મોકલી છે તથા યોગ્ય જરૂરી કાર્યવાહી કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં નીચે જણાવેલ સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી.

(૧) શ્રી ભગવાનભાઈ જી.પંચાસરા (૨) આ.શ્રી. આર.સી.શુકલ

(૩) ડૉ. શશીકાંતભાઈ શાહ (૪) શ્રી કિશોરસિંહ દેસાઈ

(૧૨) શ્રીજી બાપા ચેરીટેબલ ટ્રસ્ટ, અંકલેશ્વર સંચાલિત સૂચિત શ્રીજી કોલેજ ઓફ એજ્યુકેશનની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા: ૧૦–૧૨–૨૦૦૨ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરી સિન્ડિકેટે, તેની તા: ૨૮–૧–૨૦૦૩ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક: (૨૧) અન્વયે, વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક કરતા સમિતિના સભ્યોશ્રીઓને યુનિવર્સિટી કાર્યાલયના તા: ૧૭–૨–૨૦૦૩ ના પત્રાંક: એસ–એ(શ્રીજી)(૦૩)/૧૬૬૯ થી નિમણૂક આપવામાં આવી છે તથા તેની નકલ પ્રસ્તુત ટ્રસ્ટને મોકલવામાં આવતાં, સદરહું ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ આ વર્ષે ગુજરાત સરકાર તરફથી એન.ઓ.સી. મળી શકે તેમ લાગતુ નથી. યુનિવર્સિટીના કુલસચિવશ્રીને અરજી કરી છે, કદાચ અમોને આ વર્ષે એન.ઓ.સી.(NOC) ન મળે તો યુનિવર્સિટીમાં ભરપાઈ કરેલ અરજી ફી અમોને આવતાં વર્ષના જોડાણ માટે ધ્યાનમાં લેવા તેમના તા: ૧૦–૨–૨૦૦૩ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોને પ્રસ્તુત ટ્રસ્ટના ટ્રસ્ટીનો તા: ૧૦–૨–૨૦૦૩ નો પત્ર મોકલવો અને તપાસસમિતિના સભ્યો આ બાબતનો અહેવાલ રજૂ કરશે.

(૧૩) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ન્યુઝ લેટરના સંપાદક મંડળે કરેલ અંદાજ મુજબ એસ.જી.યુ. ન્યુઝલેટર ના પ્રથમ અંકની આશરે ૧૦૦૦ નકલના છાપકામ તથા વહીવટી ખર્ચ પેટે રૂા. ૨૫,૦૦૦/– (અંકે પચીસ હજાર રૂપિયા પુરા) ના ખર્ચ તેમજ વર્ષ દરમ્યાન પ્રગટ થનાર અન્ય ૩ (ત્રણ) અંકો (કુલ ૪ અંકો–વર્ષના) ખર્ચ અંગે વિચારણા કરવા બાબત. **(યોજના અધિકારી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં વર્ષના ચાર ( ૪ ) અંકો દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/– મંજુર કરવામાં આવે છે.

(૧૪) પી.જી.ડિપ્લોમા ઈન જર્નાલિઝમ અને પી.જી.ડિપ્લોમા ઈન માસ કોમ્યૂનિકેશન (સેલ્ફ ફાયનાન્સ) ના વર્ષ ૨૦૦૨–૨૦૦૩ ના બન્ને બજેટ જે આ સાથે સામેલ છે તે મંજુર કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અંગ્રેજી વિભાગ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતનું બજેટ સૈધ્ધાંતિક મંજુર કરવામાં આવે છે. બજેટનું ફોરમેટ સુધારવા કુલપતિશ્રી ને સત્તા આપી.

## અધ્યક્ષશ્રીની મંજૂરીથી રજૂ થયેલ બાબતો

(૧૫) યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં અલગ સ્વતંત્ર કોમ્પ્યુટર વિભાગ તેની કામગીરી માટે જરૂરી કોમ્પ્યુટરો સર્વર, હાઈસ્પીડ ડીજીટલ પ્રીન્ટર્સ તમામ એસેસરીઝ અને જરૂરી ટેકનીકલ સ્ટાફ નિમવા સહિતનું સિન્ડિકેટે ઠરાવેલ છે. હાલમાં પરીક્ષાની તારીખો જોતાં જરૂરી વહીવટી વિધિ કરી સાધનો ખરીદવામાં સમય જશે અને પરીક્ષા વિભાગ પાસે આ સાધનો નથી. પરીક્ષા વિભાગની તાકીદની સમય મર્યાદાની નિયત સમયમાં કામગીરી પૂરી કરવાની હોય સુરતની સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીંગ અને ટેકનોલોજીએ મદદરૂપ થવા તૈયારી બતાવી હોય ત્યાં હાલમાં તેમની લેબમાં કામગીરી શરૂ કરી છે. પરંતુ મહત્તમ હાઈસ્પીડ લેટેસ્ટ વર્ઝનનું લાઈન પ્રિન્ટર ન હોવાથી તાત્કાલિક ભાવપત્રકો કે ટેન્ડરની વિધી કર્યા વિના પરીક્ષાની સ્વતંત્ર આવકમાંથી વિપ્રો કે આઈ.બી.એમ. કંપનીનું કે અન્ય જાણીતી કંપનીનું તેના ઓથોરાઈઝડ ડીલર્સ પાસે જરૂરી એસેસરીઝ સાથે કામગીરી અટકી ન પડે તેટલા માટે ખરીદવા મંજૂરી આપવા વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને આ બાબતમાં આખરી નિર્ણય માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૧૬) યુનિવર્સિટી ધ્વારા ૨૦૦૩–૨૦૦૪ ના વર્ષ માટે યુનિવર્સિટીએ ડાયરી બહાર પાડવાનું નક્કી કરવામાં આવતા, ૧૦૦૦ નંગ ડાયરીઓનું છાપકામ કરાવવાનું હોઈ તે અંગે છાપકામનો આશરે રૂા. ૭૦,૦૦૦/– જેટલો ખર્ચ થવા સંભવ હોય યુનિવર્સિટી ડાયરીઓનું છાપકામ કરાવવા અને તે અંગે થનાર ખર્ચ કરવાની જરૂરી મંજુરી આપવા વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં જણાવેલ ૧૦૦૦ નંગ ડાયરીઓના છાપકામના ખર્ચ બાબતનો રૂા. ૭૦,૦૦૦/– ના ખર્ચનો સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો.

(૧૭) તા: ૭–૩–૨૦૦૩ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની નીચે જણાવેલ બાબત ક્રમાંક: ૧૬ પર વિચારણા કરવા બાબત. **(બાંધકામ)**

બાબત: કેમ્પસ ખાતેના ડ્રેનેજ નેટવર્ક માટે મળેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતેના ડ્રેનેજ નેટવર્ક માટે મળેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ આપનાર મેસર્સ એચ.એમ.પટેલની ડ્રેનેજ કામગીરી માટેની તમામ વિગતો મેળવ્યા બાદ તેની ચકાસણી કરી આખરી નિર્ણય લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(નોંધ: ઉપરોકત ઠરાવ પ્રમાણે જરૂરી વિગતોની ચકાસણી કરવામાં આવી છે જે યોગ્ય જણાય છે.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાંની તા: ૭–૩–૨૦૦૩ ની પ્રતિષ્ઠિત વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંક: ૧૬ નાં ઠરાવ પ્રમાણેના ટેન્ડર મેસર્સ એચ.એમ.પટેલનું ટેન્ડર મંજુર કરવું.

(૧૮) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો ના નામ, એમ્બલમ/લોગો/ડીઝાઈન/મોનોગ્રામ સહિતના ધ્વજ બનાવવા માટે ૧૪૨ કોલેજાના– **(યુવક કલ્યાણ)**

૧. સાટીનના કાપડ ઉપર ધ્વજ બનાવવાનો લગભગ ખર્ચ રૂા. ૩૭૦–૦૦ ના એક લેખે ૧૪૨ કોલેજ માટે રૂા. ૫૨૫૪૦–૦૦ (બાવન હજાર પાંચસો ચાલીસ) તથા

૨. કોટનના કાપડ ઉપર ધ્વજ બનાવવાનો લગભગ ખર્ચ રૂા. ૨૯૦–૦૦ એક લેખે ૧૪૨ કોલેજ માટે રૂા. ૪૪૧૮૦–૦૦ (એકતાળીસ હજાર એકસો એંશી) જેટલો થવાની સંભાવના છે તો તે ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં જણાવેલ સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો અને આખરી નિર્ણયો માટે શ્રી અનિલભાઈ ગોયલ સાથે પરામર્શ કરવો.

(૧૯) એપ્રિલ–મે–૨૦૦૩માં લેવાનાર યુનિવર્સિટી પરીક્ષાઓ તા: ૧૩–૫–૨૦૦૩ ના રોજ પુરી થતી હોવાથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે સંલગ્ન કોલેજો અને અનુસ્નાતક ભવનો માટે ધ્વિતીય સત્ર પુરુ થવાની તથા શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નું પ્રથમ સત્ર શરૂ થવાની તારીખો બદલવા અંગે વિચારણા કરવા બાબત. **(એકેડેમિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા કામગીરીને લીધે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ નું ધ્વિતીય સત્ર એક અઠવાડિયાના સમય માટે નીચે પ્રમાણે લંબાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. ધ્વિતીય સત્ર પુરુ થવાની તારીખ :<br>સંલગ્ન કોલેજો માટે | મંગળવાર, તા: ૧૩–૦૫–૦૩ |
| ૨. ધ્વિતીય સત્ર પુરુ થવાની તારીખ :<br>અનુસ્નાતક વિભાગો માટે | મંગળવાર, તા: ૨૭–૦૫–૦૩ |
| ૩. ઉનાળુ વેકેશન :<br>સંલગ્ન કોલેજો માટે | બુધવાર, તા: ૧૪–૦૫–૦૩<br>થી<br>મંગળવાર, તા: ૦૧–૦૭–૦૩ |
| ૪. ઉનાળુ વેકેશન :<br>અનુસ્નાતક વિભાગો માટે | બુધવાર, તા: ૨૮–૦૫–૦૩<br>થી<br>મંગળવાર, તા: ૦૧–૦૭–૦૩ |
| શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ ના પ્રથમ સત્રની શરૂઆત:<br>સંલગ્ન કોલેજો તથા અનુસ્નાતક વિભાગો માટે | બુધવાર, તા: ૦૨–૦૭–૦૩ |

(૨૦) તા: ૨૯–૩–૨૦૦૩ ના રોજ ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ આપણી યુનિ. ના પદવીદાન સમારંભમા ઉપસ્થિત રહેવાના હોવાથી આ દિવસો દરમ્યાન યુનિવર્સિટીનું વહીવટીતંત્ર આ કામ માટે રોકાયેલ હોવાથી સેનેટની મીટીંગ તથા બોર્ડ ઓફ એકાઉન્ટસની તા: ૨૪/૨૫–૩–૨૦૦૩ ના રોજ રાખેલ હતી તેને પાછળ લંબાવવા બાબતે વિચારણા કરવા માટે સિન્ડિકેટ સભ્યશ્રી આ. આર.સી.શુકલ તરફથી મુકવામાં આવેલી દરખાસ્ત પર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ આપણી યુનિ. ના પદવીદાન સમારંભમા તા: ૨૯ મી માર્ચ ના રોજ ઉપસ્થિત રહેવાના હોઈ તેમના આગમનની વ્યવસ્થામાં તથા તે દિવસની તૈયારીમાં યુનિ. વહીવટીતંત્ર રોકાયેલું હોઈ સેનેટની મીટીંગ જે તા: ૨૪/૨૫–૩–૨૦૦૩ ના રોજ રાખેલ હતી તેને મુલતવી રાખી તે મીટીંગ હવે તા: ૩૦/૩૧–૩–૨૦૦૩ ના રોજ રાખવામાં આવે છે. અગાઉ બધા સભ્યને પરિપત્રિત કરેલ તેમાં જણાવેલ તમામ કામો માટે તેજ સમયે, તે જ સ્થળે મળશે.

વધુમાં, સેનેટની મીટીંગમાં બોર્ડ ઓફ એકાઉન્ટસની જે ચુંટણી થનાર છે તે હવે પછી ૩૦મી માર્ચના રોજ થશે. ચુંટણી અંગે તા: ૩–૩–૨૦૦૩ ના રોજ બહાર પાડવામાં આવેલ મતદાન સિવાયનો કાર્યક્રમ યથાવત રહેશે. મતદાન તા: ૩૦–૩–૨૦૦૩ ના રોજ રાખવાનું ઠરાવવામાં આવે છે.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા: ૨–૪–૨૦૦૩
ક્રમાંક : એસ–૧(૧)/૨૮૬૯
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............

ઈ.ચા.કુલસચિવ
તા: ૨–૪–૨૦૦૩